

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*લ્યો! ખેંચ્યા ખૂબ સત્તાનાં સપનાં બતાવીને -*
*લ્યો ! ભોળવી ભરખી ગયા, સ્નેહ જતાવીને -*
*લ્યો ! નાખી દીધા વખારે ખરાબ માલ ખતાવી ને -*
*લ્યો ! રહ્યા ન ઘર-ઘાટના મૂર્ખાઓ, ધૂતાવીને -*
*(ટિકીટ વાંચ્છુઓ બેહાલ)*

હાઈકુ

*ટિકીટ લોભે*
*સત્તાના કાદવમાં*
*થયા ગરક...*

*પક્ષ-પલ્ટુઓ,*
*ચોરની માં માફક*
*રડે કોઠીમાં...*

### ચિંતન

*કાર્ય વિપત્તૌ દોષાન્ વર્ણયન્તિ બાલિશાઃ ।*

**ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**મૂઢ લોકો જ નિષ્ફળતાનું દોષારોપણ કરે છે.**

**કાર્યમાં સાંપડેલી નિષ્ફળતાને વિરલા અને અનુભવી લોકો જ પચાવી શકે છે, અને એની તમામ જવાબદારી પોતાના શિરે ઓઢે છે. એનાથી વિપરીત મૂઢ (મૂર્ખ) લોકો નિષ્ફળતા માટે પોતાની જાતને નહિ, અન્યોને દોષિત ઠરાવી એકમેક પર બાલિશ દોષારોપણ કરે છે.**

**કેટલાંક લોકો પોતાની ફરજ બજાવવામાં નિષ્ફળ જાય છતાં વાંક-દોષનો ટોપલો તો સદાય બીજા પર નાખે છે. (અંધેરી નગરી ગંડુ રાજા કાવ્ય આનું સારું ઉદાહરણ છે.)**

**બહેનોથી દાળમાં મીઠું વધારે પડી ગયું હોય તો બચાવમાં કહે છે. આ વખતે 'ટાટા' નું મીઠું સારું નથી આવ્યું !! ને ભૂલાઈ ગયું હોય તો બાળકોના કકળાટનો સહારો લઈ લે છે.**

### સુવિચાર

- જીભ મિઠાશથી થાકે છે, કાન ક્યારેય નથી થાકતા - **જનકલ્યાણ**
- મંથન કોઈ કરે તો સર્જક બની શકે, વરસી શકે એ વાદળી, ઠંડક અર્પી શકે - **એસ. ભટ્ટાચાર્ય**
- તટ ઉપર તો માત્ર કોલાહલ હશે, સમુદ્રના મઝધારે મૌન મળશે - **ઓશો**
- સજ્જન ધાગા પ્રીત કા, ખેંચો મત ટૂટ જાય, ટૂટે ફિર જો સાંધીએ, બિચ ગાંઠ પડી જાય - **કબીર**
- ઘેટાં બકરાના વાડા હોય છે, મને વાઘનો વાડો બતાવો - **ભોજો ભગત**
- શેતા પણ બાઈબલનું અવતરણ આપી શકે છે - **અંગ્રેજી કહેવત**
- આજનું ઔષધ : મૂઢમાર ઉપર આમલી અને આવળના પાન સરખે ભાગે લઈ પીસીને નવશેકો ગરમ કરી લેપ કરવાથી દુઃખાવામાં રાહત થાય છે અને સોજા ઉતરે છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

નાનપણમાં કોઈ ઘટના ઘટ્યા બાદ ઈન્દિરા ગાંધીએ ક્યાંક પણ ભાષણ ન ખાવાના સોગંધ ખાધા હતા. તેઓ જ્યારે પહેલીવાર આફ્રિકા ગયા ત્યારે અધિકારીઓએ ઈન્દિરાનું સ્વાગત અને અભિનંદનનો કાર્યક્રમ સાંજે છ વાગે છે. એવું એલાન કરી મૂક્યા હતા. ઈન્દિરાજીએ ભાષણ કરવાની સ્પષ્ટ ના કહી. ત્યારે આયોજકોએ કહ્યું, 'ઠીક છે આપ મંચ પર બેસી રહેજો અમે સભામાં આવનારા સૌને સમજાવી દઈશું કે આપ ભાષણ આપવાના નથી.'

સભા તો સાંજે છ વાગે હતી. એટલે આયોજકો એમને શહેરમાં ફેરવવા લઈ ગયા. ત્યારે ઈન્દિરાજીએ કહ્યું, 'મને ગરીબોની વસ્તી, મજૂર જ્યાં કામ કરે છે તેવી ખાણ કે કામધારો જ્યાં કામ કરતા હોય તેવા કારખાના વગેરે બતાવો.'

આયોજકો એ ઈન્દિરાજીની ઈચ્છા મુજબ એવા વિસ્તારો, ઝૂંપડપટ્ટી વગેરે બતાવ્યા. સાંજે છ વાગે અભિનંદન અને સ્વાગત કર્યા પછી સભામાં આયોજકો એ જાહેરાત કરી કે આપણા મહેમાન ઈન્દિરા ગાંધી ભાષણ આપવા ના નથી.' ત્યારે ઈન્દિરાજીના ધીરજનો અંત આવી ગયો. તેમણે કહ્યું, 'હું આજે કશુંક કહેવા માંગુ છું.' આયોજકો માટે આ વાત આશ્ચર્યજનક હતી. પછી સતત એક કલાક ઈન્દિરાજી જે બોલ્યા એનું ખુદ એમને પણ ભાન ન રહ્યું પણ ભાષણ પૂરું થતા આફ્રિકન મહિલાઓ એમના હાથને ચૂમવા પડાપડી કરવા લાગી. ત્યારે ઈન્દિરાજીને સમજાયું કે પોતાના ભાષણમાં સાચી લાગણી પ્રદર્શિત થઈ હતી.

# કાશ્મીર મુદ્દે વહેવારુ અભિગમ જરૂરી

તંત્રીસ્થાનેથી...

જમ્મુ અને કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ડૉ. ફારુક અબ્દુલ્લાએ બહુ જ ગંભીરતાપૂર્વક પાક શાસિત કાશ્મીર પરનો દાવો છોડી દેવાની વાત કરીને ભારત સરકારને નવેસરથી વિચારણા કરવા આગ્રહ કર્યો છે. તેઓ માને છે અને તેમની જેમ દેશના ઘણા બધા નાગરિકો પણ મનોમન સ્વીકારી ચૂક્યા છે કે હવે સિત્તેર વર્ષ પછી પણ પીઓકે ઉપર ભારતનો ભાગ હોવાનું ગાણું ગાયા કરવું એ વાહિયાત અને અશક્યવત્ બાબત છે. એ સાચું કે જમ્મુ અને કાશ્મીરના તત્કાલીન મહારાજા હરિસિંહે ભારે અવઢવના અંતે ભારત સાથેના જોડાણ પર સહી કરી હતી. પરંતુ કબાઈલી આક્રમણ સામે ભારતીય સેના ટકરાય એ પહેલાં 'પીઓકે' અથવા પાકિસ્તાન જેને 'આઝાદ કાશ્મીર'ના હુલામણા નામે ઓળખાવે છે તે પ્રદેશ પાક અધિકૃત થઈ ચૂક્યો હતો. 'લાઈન ઑફ કંટ્રોલ' ખીંચાઈ ગયા બાદ એને કાયમી સરહદ તરીકે સ્વાકારવા ન તો ભારત તૈયાર થયું કે ના પાકિસ્તાન. ભારત આખેઆખા કાશ્મીરને પોતાનું અભિન્ન અંગ માનતું રહ્યું તો વળી પાકિસ્તાન માટે કાશ્મીર એ પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયું અને જ્યાં સુધી એને હિંદુસ્તાનના સકંજામાંથી 'આઝાદ' નહીં કરી શકે ત્યાં સુધી પાક નેતૃત્વ કે આર્મી જંપીને બેસી નહીં શકે - એવી પ્રતિજ્ઞાઓ લેવાતી રહી. ઈંદિરા ગાંધી સાથે શિમલા કરારમાં કાશ્મીર સહિતના તમામ મુદ્દા પરસ્પર સમજૂતીથી ઉકેલવાની સંધિ કરનારા તત્કાલીન વડાપ્રધાન ઝુલ્ફીકાર અલી ભુટ્ટોએ કાશ્મીર મુદ્દે એક હજાર વર્ષ સુધી હિંદુસ્તાન સામે લડી લેવાની પ્રતિજ્ઞા કરેલી. જમ્મુ અને કાશ્મીરની પ્રજાનો લોકમત લેવામાં આવે તો કેવો અભિપ્રાય ઊપસી આવે તેની ભારતીય નેતાઓને ખબર છે. ખીણના મુસ્લિમો પૈકી મોટા ભાગના 'આઝાદી'ની જ ગુલબાંગો પોકારનારા અલગતાવાદીઓના સમર્થનમાં રહેશે એવી દહેશતથી ભારત ક્યારેય ખીમમાં આ મુદ્દે લોકમત લેવાના પાકિસ્તાનના આગ્રહને નહીં સ્વીકારે. ખીણના રાજકારણમાં કાશ્મીરનો અલગ દરજ્જો એ સર્વમાન્ય મુદ્દો છે. કલમ '૩૭૦' કે '૩૫એ' ને હાથ અડાડતાંની સાથે ભડકો થઈ ઊઠે એમ છે, એ વાતથી ભારતીય નેતાઓ વાકેફ છે. એટલે ભાજપ કે જેના ચૂંટણી ઢંઢેરામાં આ મુદ્દો વારંવાર ગાજતો રહે છે તે પણ આજે જમ્મુ અને કાશ્મીરની ચૂંટણી વખતે આ બાબતોની સામે આંખ આડા કાન કરી મહેબૂબા મુફ્તી જેવા ખીણના અલગતાવાદીઓ સાથે મીઠા સંબંધો ધરાવતાં નેતાની સાથે સત્તામાં ભાગીદારી કરી શકે છે. ફારુક અબ્દુલ્લા અને એમના સુપુત્ર માટે કાશ્મીર એ જરા જુદા સંદર્ભે તો 'બાપની જાગીર' જ હતી. શેખ અબ્દુલ્લાએ જ નહેરુ સાથેની અંગત દોસ્તીના નાતે ખીણ પ્રદેશને હિંદુસ્તાન સાથે જોડવામાં સૌથી અગત્યની ભૂમિકા ભજવી હતી. એના બદલામાં એમને કાશ્મીર માટે અલગ દરજ્જો અને જમ્મુ-કાશ્મીરના 'પ્રાઈમ મિનિસ્ટર' નું પદ મેળવ્યું હતું. ઘણાં વર્ષો પછી જમ્મુ કાશ્મીરનાનો એ દરજ્જો શિથિલ પડ્યા હોવા છતાં અને હવે ત્યાં કાશ્મીરના અલગ ધ્વજ કે 'પ્રાઈમ મિનિસ્ટર'ની જગ્યાએ ત્રિરંગો અને 'મુખ્યમંત્રી' જેવી બાબતો સ્વીકૃત જરૂર થઈ છે, છથાં જયારે પણ એના અલગ દરજ્જાની કલમ ૩૭૦ સામે પ્રશ્ન ઊભો થયો છે ત્યારે ખીણના તમામ રાજકીય પક્ષો એક થઈ જાય છે. ફારુક અબ્દુલ્લા તો કેન્દ્રીય મંત્રી તરીકે પણ ફરજ બજાવી ચૂક્યાં છે. એમના અને મુફ્તી મોહંમદ સઈદના પરિવારો માટે ખીણ અંગત જાગીર બની ચૂકી છે. પરંતુ હવે જો ખીણમાં વજૂદ ટકાવી રાખવું હોય તો એમને કે મહેબૂબા મુફ્તી જેવા નેતાઓને પણ પાક અધિકૃત કાશ્મીર મુદ્દે પાક તરફી વલણ જ લેવું પડે એવી સ્થિતિ પેદા થઈ છે. આ સંજોગોમાં કોંગ્રેસ કે ભારતીય જનતા પાર્ટી જેવા રાષ્ટ્રીય પક્ષો આ પ્રાદેશિક નેતાઓની 'ડાઉન ટુ અર્થ' એવી કઠોર વાસ્તવિકતાને સ્વીકારે કે ન સ્વીકારે તો પણ એમનું વલણ તો એ જ રહેવાનું છે.

# માતૃભાષા ભૂલશો નહીં



## રંગ-ઉમંગ

કાનન ઓઝા

કેમ છો દીકરાઓ ?

લે, મને ના ઓળખી ?

હું તમારી માતૃભાષા.

અરે ! માતૃભાષા એટલે શું તે પણ ખબર નથી? માતાના ગર્ભમાં બાળ જે ભાષામાં સંવેદના ઝીલે - વિચાર, સ્વપ્ન, લાગણી, રુદન અને ક્રોધ જેવા આવેગો જે ભાષામાં સહજ અભિવ્યક્ત થાય તે ભાષા. શુ કહ્યું, તમને ખબર નથી કે તમારી માતૃભાષા કઈ છે ? લો હું કહી દઉં તમારી માતૃભાષા ગુજરાતી છે. ૧ મે, ૧૯૬૦ થી ગુજરાત રાજય અસ્તિત્વમાં આવ્યું ત્યારથી અધિકૃત ભાષા બની પણ તેનો પહેલો વહેલો 'ગુજરાતી' શબ્દનો ઉપયોગ કવિ પ્રેમાનંદે કર્યો હતો. નરસિંહ મહેતા એ અપભ્રંશ અને અખાએ પ્રાકૃત ભાષાના શબ્દોથી સાહિત્ય શોભાવ્યું. ૧૦ થી ૧૧માં સદીમાં અપભ્રંશ ગુર્જરન બોલાતી. સત્તરમી સદીના પ્રેમાનંદના 'ઓખા હરણ' કૃતિથી ભાષા અર્વાચીન ગુજરાતીની શરુઆત થઈ. પણ અર્વાચીન સાહિત્યનું શ્રેય કવિ નર્મદના ફાળે જાય છે.

અરે હા, તમને એ પણ જણાવી દઉં છું કે ભારતીય સંવિધાનને માન્ય કરેલ ૧૮ ભાષાઓમાં પણ મારો સમાવેશ થાય છે. જો જો નોટ ઉપર આ ભાષામાં લખેલું જોવા મળશે.

માતૃભાષા ને પ્રેમ કરવાની કળા છે. માતૃભાષા તો ઈશ્વર પ્રત્યેની આસ્થા છે. આ તો વિકાસનો દરવાજો છે અને તમે જો અંગ્રેજી પાછળ ગાંડા થયા ને ત તો માત્ર બારી છે. બારીમાંથી બહાર ડોકિયું કરીને દુનિયા જોઈ શકાય છે. આવન-જાવન દરવાજો જ જોઈએ.

બેબીફૂડ અને માતા દૂધની બરાબરી ન કરી શકે, તેમ વિદેશી ભાષા મારી માતૃભાષાને બરાબરી ન કરી શકે. તેથી જ જાણીતા ચિંતક ગુણવંતભાઈ શાહે કહ્યું છે.

'મનુષ્યમાં વિકાસ માટે માતાના ધાવણ પછી માતૃભાષા આવે છે.'

માતૃભાષામાં જ જ્ઞાન ઝડપી ઝીલી શકાય છે. સમજશક્તિ અને વિચાર શક્તિ પણ ખીલે છે. મગજ સુપર કમ્પ્યૂટર સૌથી બંધબેસતી ભાષા એટલે માતૃભાષા.

હા, તમારી વાત સાચી છે. તમે બાળપણથી બીજી ભાષા શીખવામાં ખૂબ સમય બગાડ્યો છે. તમારા માવતરનાં વાંકે તમારે શોષાવું પડ્યું. પાંચ-છ કલાક શાળામાં કંઈક સમજણ ન પડે તોય એબીસીડી, ઘૂંટ્યા કરવામાં તમે કંટાળ્યા છો. અન્ય ભાષાના માધ્યમમાં ભણીને તમે મૂંઝાયા મૂરઝાયા છો.

અરે હા, તમે કહો છો કે આપણએ પાછળ ન રહી જઈએ. પણ એક વાત પૂછું ? ભણવા માટે શેની જરૂર પડે ? બુદ્ધિની સાચી વાત, બુદ્ધિ જેટલી વધારે એટલો ભણવામાં આગળ અને બુદ્ધિ જેટલી ઓછી એટલો ભણવામાં પાછળ અંગ્રેજીમાં ભણવાથી બુદ્ધિ વધે ખરી ?

જાપાન, ચીન, જર્મની, ફ્રાંસ જેવા અનેક વિકસિત દેશો પોતાની માતૃભાષામાં વ્યવહાર કરીને જ વિકાસ પામ્યા છે. યહૂદીઓએ તો મૃત થયેલી પોતાની ભાષાને પણ પાછી જીવંત કરી છે.

'ગીતાંજલિ' કાવ્યસંગ્રહ માટે નોબલ પુરસ્કાર મેળવનાર ગુરુવર રવિન્દ્રનાથ ટાગોર, અર્થશાસ્ત્ર માટે પુરસ્કાર પ્રાપ્ત કરનાર અબ્દુલ કલામ, રતનજી તાતાનો જમણો હાથ સમાન અને વિદ્વાન અરુણ ગાંધી, મહાત્માથી, ધીરુભાઈ અંબાણી, આ બધા લોકો માતૃભાષામાં ભણ્યા હતા.

ગમે ત્યાં જાઓ ગમે તે કરો પણ માતૃભાષા ભૂલશો નહીં.

# સેન્ટ્રલ પોટેટો રીસર્ચ ઈન્સ્ટીટયુટ કયાં આવેલું છે ?



## ખજાનો

અનિલ પટેલ

### વિજ્ઞાન જગત

૧ રીકેટ્સ નામનો રોગ કયા વિટામીનની ઉણપથી થાય છે ?
(અ) વિટામીન - બી (બ) વિટામીન - કે
(ક) વિટામીન - ડી (ડ) વિટામીન - સી

૨ એક વર્ષથી નાનાં બાળકોને થતો રોગ 'મરાસ્મસ શાની ઉણપથી થાય છે'?
(અ) પ્રોટીનની (બ) ક્ષાર તત્ત્વોની
(ક) વિટામીન્સની (ડ) કાર્બો હાઈડ્રેટ્સની

૩ પેલાગ્રા નામનો રોગ કયા વિટામીનની ખામીથી થાય છે?
(અ) વિટામીન - બી (પાંચ) (બ) વિટામીન-સી
(ક) વિટામીન-ડી (ડ) વિટામીન-કે

૪ ગોઈટર કયા તત્વની ઉણપથી થતો રોગ છે ?
(અ) આયોડીન (બ) કેલ્શિયમ
(ક) ફોસ્ફરસ (ડ) ફલોરાઈડ

૫ હેલીનો ધૂમકેતુ હવે કયારે જોઈ શકાશે ?
(અ) ૨૦૨૨ (બ) ૨૦૪૦
(ક) ૨૦૫૬ (ડ) ૨૦૬૨

૬ હિમોગ્લોબીનમાં કયુ ખનીજ તત્ત્વ હોય છે ?
(અ) કેલ્શિયમ (બ) પોટેશિયમ
(ક) લોહતત્ત્વ (આર્યન) (ડ) મેગ્નેશિયમ

૭ સેન્ટ્રલ પોટેટો રીસર્ચ ઈન્સ્ટીટયુટ કયાં આવેલું છે ?
(અ) દાંતીવાડા (બ) જૂનાગઢ
(ક) સિમલા (ડ) ભરતપુર

૮ કુષ્ઠ રોગમાં કયું અંગ પ્રભાવિત થાય છે?
(અ) ચામડી (બ) હાડકાં
(ક) કીડની (ડ) આંખો

૯ પરમાણુની શોધ કયા વૈજ્ઞાનિકે કરી હતી ?
(અ) વિલ્હમ શેરજન (બ) જહોન ડાલ્ટન
(ક) લિવરેન (ડ) રોબર્ટ ફૂક

૧૦ સૌ પ્રથમ ઉપગ્રહણ કયા દેશે છોડ્યો હતો ?
(અ) ફ્રાન્સ (બ) રશિયા
(ક) અમેરિકા (ડ) સુરત

૧૧ ઈન્દિરા ગાંધી સેન્ટર ફોર એટોમીક રિસર્ચ કયાં આવેલું છે ?
(અ) ચેન્નાઈ (બ) બેંગ્લોર
(ક) હૈદરાબાદ (ડ) કલપક્કમ (તમિલનાડુ)

૧૨ કૃત્રિમ વરસાદ વરસાદવા કયા રસાયણનો ઉપયોગ થાય છે?
(અ) સિલ્વર ડાયોકસાઈડ (બ) સિલ્વર નાઈટ્રેટ
(ક) કેલ્શિયમ કલોરાઈડ (ડ) સોડિયમ કલોરાઈડ

૧૩ લૂઈ વોટરમેને શાની શોધ કરી હતી ?
(અ) ટાઈપ રાઈટર (બ) ફાઉન્ટેન પેન
(ક) ગ્રામોફોન (ડ) રેફ્રીજરેટર

૧૪ હાઈડ્રોજન બોમ્બના શોધક કોણ હતા ?
(અ) આલ્બર્ટ આઈન્સ્ટાઈન (બ) જે. પ્રિસ્ટલી
(ક) ડૉ. એડવર્ડ ટેલર (ડ) જે. જે. થોમસન

૧૫ રૉકેટ લોન્ચીંગ સ્ટેશન થુમ્બા કયા રાજયમાં આવેલ છે. ?
(અ) આંધ્ર (બ) તમિલનાડુ
(ક) કેરાલા (ડ) કર્ણાટક

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા મહાનુભાવોના જન્મ દિવસ**

- **૧૭ નવેમ્બર ૧૯૩૯ : ભીખુભાઈ પટેલ :** પાટીદરા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ, સમાજ સેવક, લવ-કુશ એકતાના પ્રણેતા. 'સમાજપુરુષ'નું બિરુદ પામ્યા. સામાજિક પ્રવૃત્તિ દ્વારા સમાજ ઉત્થાન એ જ જીવનમંત્ર.
- **૧૮ નવેમ્બર : ૧૯૦૯ : જયંતિ દલાલ :** ગુજરાતી રંગભૂમિના મૂર્ધન્ય દિગ્દર્શક, નવલકથાકાર, નાટ્યલેખક, એક વખત ગુજરાત કૉલેજના પ્રિન્સિપાલ. સામે આંદોલન ચલાવનાર, મહાગુજરાતની સ્થાપનાની ચળવળમાં અગ્રેસર.
- **૧૯ નવેમ્બર ૧૯૧૭ : શ્રીમતી ઈન્દિરા ગાંધી :** ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાન, અલ્હાબાદમાં જન્મ, પિતા જવાહરલાલ નહેરુના વારસામાંથી રાજનીતિના પાઠ શીખ્યા. પારસી યુવાન ફિરોજ ગાંધી સાથે લગ્ન કર્યા. ૧૯૬૬માં વડાપ્રધાન બન્યો. પોખરણ અણુધડાકો, અમૃતસર સુવર્ણમંદિર આતંકવાદીઓથી મુક્ત કર્યું. ૧૯૮૪માં બે સુરક્ષાકર્મીઓની ગોળીઓથી મોત થયું.
- **૨૦ નવેમ્બર ૧૬૬૭ : મણીશંકર ભટ્ટ (કાન્ત) :** ઉત્તમ ખંડકાવ્યો અને ઊર્મિકાવ્યોના સર્જક. લાઠી પાસેના ચાંવડ ગામમાં જન્મ. હિંદુ હોવા છતાં ખ્રિસ્તી ધર્મમાં અપાર શ્રદ્ધા ધરાવતા. મહારાજા ભાવસિંહજીના પ્રીતિપાત્ર હતા. 'વસંત વિજય.' અને 'ચક્રવાત મિથુન' જેવી શ્રેષ્ઠ રચનાઓનું તેમણે સર્જન કર્યું. ૧૯૨૩માં અવસાન પામ્યા.
- **૨૧ નવેમ્બર ૧૮૯૮ : રંગ અવધૂતજી :** દત્ત ઉપાસકના પ્રચારક, શ્રી રંગ અવધૂતજીનો જન્મ ગોધરા ખાતે થયો હતો. બાળપણનું નામ પાંડુરંગ - અમદાવાદની એક શાળામાં શિક્ષક બન્યા. સંસ્કૃત અને અંગ્રેજી પર પ્રભુત્વ. 'હરિના દ્વારે જાઉં છું.' કહી નારેશ્વરથી હરિદ્વાર ગયેલા. ૧૯૬૮માં અવસાન પામ્યા.
- **૨૨ નવેમ્બર ૧૯૬૫ : સંજય ગઢવી :** યશરાજ બેનરમાં 'ધૂમ' ફિલ્મને ડિરેક્ટ કરનાર ગુજરાતી. લખનૌમાં જન્મ 'કીડનેપ' અને 'તેરે લિયે' જેવી ફિલ્મોને પણ ડિરેક્ટ કરી છે.
- **૨૩ નવેમ્બર ૧૮૫૮ : સર જગદીશચંદ્ર બોઝ :** વનસ્પતિમાં પણ જીવ છે તેવું સાબિત કરનાર. બંગાળના એક ગામમાં જન્મ. કેમ્બ્રીજમાં અભ્યાસ કર્યો. ભૌતિકશાસ્ત્રના અધ્યાપક તરીકે કામ કર્યું. રેડિયો પરના તેમના નોંધપાત્ર સંશોધનો થયેલા. ૧૯૩૭માં અવસાન પામ્યા.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલ કયું મહત્ત્વનું ખાતું સંભાળે છે ?**

**જવાબ : રેલવે મંત્રાલય**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૨) નટુભાઈ દરજી : પેથાપુર
(૩) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭
(૪) જયેન્દ્રપ્રસાદ પાઠક : ઈન્ફો જુ. સાયન્સ કૉલેજ
(૫) મહેશ એમ. જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ
(૬) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪


### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલ કયું મહત્ત્વનું ખાતું સંભાળે છે ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# બાળદિને ભક્તબાળને સ્મરણાંજલિ



## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા



રાજા ઉત્તાનપાદ વૈવસ્વત મનુના મોટા પુત્ર હતા. નાનો પુત્ર પ્રિયવ્રત હતો. રાજાને સુનીતિ અને સુરુથિ નામની બે રાણીઓ હતી. રાજાને સુનીતિથી ધ્રુવ અને સુરુથિથી ઉત્તમ નામે પુત્રો હતા. રાજાને સુરુચિ પ્રિય હતી, સુનીતિ અપ્રિય. સુરુચિને પ્રિય હોવાનો ઘમંડ હતો, સુનીતિ વિનમ્ર હતી.

એકવાર રાજા સિંહાસન ઉપર બેઠો હતો. જમણી બાજુ ખોળામાં ઉત્તમ બેઠો હતો. ધ્રુવ ત્યાં ઓચિંતો આવી ચડ્યો. એણે ખોળામાં ડાબી બાજુએ બેસવા પ્રયત્ન કર્યો. પાંચ વર્ષનો ધ્રુવ કશું સમજે એ પહેલાં સુરિચિ કઠોર અવાજે બોલી - 'તને અહીં બેસવાનો અધિકાર નથી. વનમાં જા, શ્રીહરિનું તપ કર. એની કૃપા થાય તો તું આવતે જનમે મારી કૂખે જનમ. પછી આ આસને બેસજે.'

ધ્રુવ દોડીને સુનિતા પાસે પહોંચ્યો. ધ્રુસકે અને ધ્રૂસકે રડવા લાગ્યો. બીજા લોકો પાસેથી સુનિતાને ખબર પડી, કે શું બન્યું છે. એણે ધ્રુવને આશ્વાસન આપ્યું. 'કોઈ સંકલ્પ પૂરો કરવો હોય, તો પરિશ્રમ કરવો પડે. તારે ઉત્તમનાં જેવું સુખ લેવું છે, તો સુરુચિ કહે છે ; તેમ શ્રીહરિની ઉપાસના કર.'

ધ્રુવે ખરેખર વન માટે પ્રસ્થાન કર્યું. માતાના આશિષ લીધા. પણ પાંચ વર્ષના બાળકને કશી સમજ ન પડે, કે શું કરવું? રસ્તામાં દેવર્ષિ નારદ મળ્યા. એણે ખાતરી કરી લીધી કે આ બાળક તપસ્યા માટે દૃઢ છે. આથી એણે ઉપાય બતાવ્યો - 'તું યમુના નદીને કાંઠે મધુવનમાં જઈને, તપ કર. આ બાર અક્ષરનો મંત્ર છે.' 'ૐ નમો ભગવતે વાસુદેવાય.' તારે આ મંત્રનો જાપ સતત કરવો. સામે શ્રીહરિની પ્રતિમા રાખવી. યમુનામાં ત્રણ સંધ્યા કરવી.' ધ્રુવ મધુવનમાં પહોંચી ગયો. દેવર્ષિ નારદ ઉત્તાનપાદ પાસે આવ્યા. એણે જોયું. 'ધ્રુવ ખરેખર વનમાં જતો રહ્યો એટલે રાજા અને સુરુચિને ખરેખર પસ્તાવો થયો છે.' નારદે એમને આશ્વાસન આપ્યું.

ધ્રુવે નારદની સૂચનાઓનું પાલન કરીને, તપશ્ચર્યા શરૂ કરી. પાંચ મહિના તપ ચાલ્યું. આહાર ધીમે ધીમે ઓછો કરતો ગયો. ક્રમ આ રીતે રાખ્યો. (૧) પહેલો મહિનો - કોઠુ અને બોરનું ભક્ષણ, દર ત્રીજા દિવસે. (૨) બીજો મહિનો - ઘાસ-પાંદડાનું ભક્ષણ, દર છઠ્ઠે દિવસે (૩) ત્રીજો મહિનો - માત્ર પાણી પીવાનું, દર નવમે દિવસે (૪) ચોથો મહિનો - માત્ર વાયુનું ભક્ષણ, દર બારમે દિવસે (૫) પાંચમો મહિનો - જમણો પગ એકલો જમીન પર રાખીને ઊભા ઊભા ધ્યાન.

હવે દેવો અકળાયા. ભગવાન વિષ્ણુ પાસે ગયા અને ચિંતા પ્રગટ કરી - 'આ બાળકને ઉગારી લો. તમારી તપશ્ચર્યામાં એવો જીવ ખોઈ બેસશે.' વિષ્ણુએ કહ્યું, 'ચિંતા ન કરો. એને કાંઈ નહિ થાય. હું જાઉં છું.'

ધ્રુવે ઓચિંતી આંખ ખોલી, તો પરમ આશ્ચર્ય ! જે પોતાનાં હૃદયમાં હતા, તે દૃષ્ટિ સામે પ્રત્યક્ષ હતા ! એણે સાષ્ટાંગ પ્રણામ કર્યા. શ્રી હરિએ તેને ઊભો કર્યો અને છાતીએ વળગાડ્યો. ધ્રુવને એની સ્તુતિ કરવી હતી, પણ પાંચ વર્ષના બાળકને શું આવડે ? ભગવાને એના કપાળે શંક અડાડ્યો અને જાણે કે સરસ્વતીની કૃપાનો સ્પર્શ થયો ? ધ્રુવે શ્રીહરિની સ્તુતિ કરી. શ્રીહરિએ પ્રસન્ન થઈને કહ્યું, 'તારા સંકલ્પો ચરિતાર્થ થશે. કુટુંબનો પ્રેમ મળશે, રાજય તો ખરું જ. અવિચળ રાજય ધ્રુવલોક મળશે.' વિષ્ણુએ વિદાય લીધી.

રાજયમાં ધ્રુવનો પ્રવેશ થયો. રાજા,રાણીઓ, ઉત્તમ - સત્કાર કરવા આવ્યા. રાજાએ હાથીની પાલખીમાં ઉત્તમ અને ધ્રુવને બેસાડ્યા અને નગરમાં શોભાયાત્રા કાઢી.